PHONES :

PATAN : 220228, 230068,224468
MOBILE: 9428518890, 9624630066-68-99
E-mail : dptco123@gmail.com
Website: dpthakker.com

# D.P.THAKKER & CO.

TAX CONSULTANTS
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265

---

તા.: ૦૨/૦૧/૨૦૨૦

ભાઈશ્રી,

GST કાયદામાં તાજેતરમાં થયેલાં કેટલાક અગત્યના ફેરફારોની માહિતી નીચે મુજબ છે.

(૧) ઓગસ્ટ - ૨૦૧૯ સુધી GSTR-3B રીટર્ન ભરતી વખતે ચોપડા મુજબ કુલ ખરીદી ની જે ટેક્ષ ક્રેડીટ મજરે લેવાની થતી હોય તે માંગી લેતા હતા.પરંતુ સપ્ટેમ્બર-૨૦૧૯ થી GST કાયદામાં સુધારો કરીને GSTR-3B રીટર્ન ભરતી વખતે GSTR-2A માં જે ક્રેડીટ જમા થઈ હોય તે રકમ જો ચોપડા મુજબ માંગવાની ટેક્ષ ક્રેડીટ કરતા ઓછી હોય તો 2A મુજબ ની ટેક્ષ ક્રેડીટ તથા તેના ૨૦% વધારે રકમ જેટલી જ ટેક્ષ ક્રેડીટ માંગવાની જોગવાઈ કરવામાં આવેલ જેની જાણ અમે અગાઉ તમને કરેલી છે.

(૨) તાજેતર માં કાયદામાં કરેલા સુધારાથી તા.૦૧/૦૧/૨૦૨૦ થી GSTR-2A માં જે ક્રેડીટ જમા થયેલ હોય તે રકમ અને તેના ૧૦% સુધીની વધારાની રકમની જ ક્રેડીટ 3B રીટર્નમાં માંગી શકાશે. તેનાથી વધારે ક્રેડીટ જો રીટર્ન માં માંગવામાં આવશે તો GST ડીપાર્ટમેન્ટ આવી ક્રેડીટ નામંજૂર કરી અને તેના ઉપર વ્યાજ તથા પેનલ્ટી લેશે.

એટલે કે તમે જે ખરીદીઓ કરેલ હોય તેના બીલ તમારી પાસે હોય પણ કોઈપણ કારણસર સદર બીલોમાં લગાવેલ GST તમારા 2A માં બતાવતો ન હોય તો તેની ક્રેડીટ ૧૦% ની મર્યાદામાં જ ઉપર લખ્યા પ્રમાણે માંગી શકાશે. અમે દરેક અસીલ ને તેમના GSTR-2A ની કોપી MAIL થી મોકલીએ છીએ.તેના ઉપરથી દરેકે કેટલી ITC (ક્રેડીટ) GSTR-2A માં નથી તે ચેક કરીને GSTR-2A માં ન દેખાતી ક્રેડીટ ઘટાડવા માટે અમને જાણ કરવી. જેથી વ્યાજ અને પેનલ્ટી ભરવા ના પડે.

(3) દરેક મહિનાનું GSTR-1 પછીના મહિનાની ૧૧ તારીખ સુધીમાં ભરવાનું હોય છે અત્યાર સુધી આ રીટર્ન મોડું ભરવામાં આવે તો કોઈ પેનલ્ટી થતી ન હતી. પરંતુ હવે ડીસેમ્બર મહિનાના રીટર્ન થી GSTR-1 લેટ ભરવા માટે પણ રોજ ની રૂ.૫૦/- પેનલ્ટી કરવામાં આવશે. એટલે દરેક વેપારી ભાઈઓએ GSTR-1 રીટર્ન પણ સમયસર ભરાવવું જરૂરી છે.

(૪) ડીસેમ્બર-૨૦૧૯ પહેલાના GSTR-1 રીટર્ન જો હજુ સુધી કોઈએ ભરેલા ન હોય તો તેઓ જો તા.૧૧/૦૧/૨૦૨૦ સુધી માં GSTR-1 રીટર્ન ભરી દેશે તો કોઈ દંડ નહિ લાગે. પરંતુ જો પછીથી રીટર્ન ભરવામાં આવશે તો રીટર્ન જેટલા દિવસ લેટ હશે તો તેના રોજના રૂ.૫૦/- પ્રમાણે મહત્તમ ૧૦,૦૦૦/- સુધીનો દંડ ભરવો પડશે એટલે કોઈ વેપારીને જુના રીટર્ન ભરવાના બાકી હોય તો તુરંત જ અમને વિગત મોકલીને રીટર્ન ભરાવડાવી દેશો.

(૫) જે વેપારીઓ e-Commerce એટલે કે Amazon કે Flipkart જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા માલનું વેચાણ કરતા હોય તેમણે હવે એક નવું રીટર્ન દર મહીને ભરવાનું છે એટલે જે વેપારીઓ આ રીતે વેચાણ કરતાં હોય તેમણે અમારો કોન્ટેક્ટ કરવો જેથી નવા રીટર્ન નો પ્રફોર્મા તેમને MAIL થી મોકલી આપશું એટલે તે પ્રમાણે વિગતો અમને મોકલી શકાય.

(૬) હવે કોઈ વેપારી જો બે મહિનાના રીટર્ન (જો ત્રિમાસિક ભરતા હોય તો બે ત્રિમાસિક રીટર્ન) નહિ ભરે તો આવા વેપારીઓના કેસ માં e-Way Bill બનાવવાની ફેસીલીટી ડીપાર્ટમેન્ટ દ્વારા બ્લોક કરવામાં આવશે એટલે આવા વેપારીઓ e-Way Bill ઓનલાઈન કાઢી શકશે નહિ. એટલે દરેક વેપારીએ સમયસર GST રીટર્ન ભરાવવા ખુબજ જરૂરી છે.

(૭) દરેક વેપારીએ પોતાની બ્રાંચ ઓફીસ તથા દરેક ગોડાઉન GST માં નોધાવવા ખુબજ જરૂરી છે. જો ડીપાર્ટમેન્ટના ધ્યાનમાં આવશે કે કોઈ ગોડાઉન કે બ્રાંચ ઓફીસ વેપારીએ નોંધાવેલા નથી અને તેમાં કોઈ માલ પડેલ હશે તો એવો માલ GST ડીપાર્ટમેન્ટ જપ્ત કરી શકશે.

વધુમાં આવા કોઈ નહિ જણાવેલ ગોડાઉન કે બ્રાન્ચ ના સરનામે જો કોઈ માલની ખરીદી કરેલ હશે તો આવી ખરીદીની ક્રેડીટ GST ડીપાર્ટમેન્ટ બ્લોક કરી શકશે. એટલે દરેક વેપારીએ પોતાના ગોડાઉન કે બ્રાંચ ઓફીસ GST સર્ટિફિકેટમાં નોંઘેલા છે કે કેમ તે ચેક કરી લેવું. તથા જો કોઈ ગોડાઉન, ઓફીસ નોંધાવવાના બાકી હોય કે કોઈ નવા ગોડાઉન રાખવામાં આવે તો તુરંત તેની જાણ અમને કરવી જેથી તેની ઓનલાઇન નોંધણી કરાવી શકાય.

(૮) કોઈ પણ વેપારી અન્ય વેપારી પાસે પોતાના માલનું ક્લીનીંગ, સોર્ટેક્ષ, જીનીંગ-મીલીંગ કે અન્ય કોઈ પણ જાતની પ્રકિયા કે પ્રોસેસ કરવા માટે મોકલે તો તેની જાણ GST ડીપાર્ટમેન્ટ માં તેનું સ્પેશિયલ રીટર્ન ITC-04 દર ત્રણ મહિને ભરીને કરવાની હોય છે. એટલે જે વેપારી ભાઈઓ પોતાના માલ ઉપર કોઈ પણ જાતની પ્રોસેસ, ક્લીનીંગ કે સોર્ટેક્ષ કરવા માટે બીજા વેપારીઓને મોકલતા હોય તેમણે તેની વિગત દર ત્રણ મહીને અમને મોકલવી. જેથી ITC-04 નું રીટર્ન ભરી શકાય.

D.P.THAKKER & CO.

(૯) ગંજ બજાર ની ચીજ વસ્તુઓ જેવી કે જીરૂ, વરીયાળી, મેથી, તેલીબિયાં, ઇસબગોલ, કપાસ , અનાજ-કઠોળ વિગેરે નું ક્લીનીંગ કે સોર્ટેક્ષ કરાવવામાં આવે તો આવા જોબ વર્ક ચાર્જ ઉપર ૨.૫% + ૨.૫% પ્રમાણે GST લાગે. તેવીજ રીતે ડાયમંડ ના જોબ વર્ક ઉપર ૦.૭૫% + ૦.૭૫% GST લાગે. જોબ વર્ક કરી આપનાર ને જો GST નંબર ન હોય અને તેનુ ટર્નઓવર રૂ. ૨૦ લાખથી ઓછુ હોય તો તેણે કોઈ GST લગાવવાનો રહે નહીં. જોબ વર્ક કરાવનાર ને જો GST નંબર ન હોય તો પણ સદર વસ્તુઓ ઉપર GST ૨.૫% + ૨.૫% લાગશે.

(૧૦) ઉપર (૯) માં લખ્યા સિવાયની અન્ય ચીજ વસ્તુઓ તથા જે સ્પેસીફાય કરેલ નથી તેવી વસ્તુઓના જોબ વર્ક ઉપર જોબ વર્ક કરી આપનારે ૬% + ૬% GST લગાવવાનો રહે. પરંતુ જોબ વર્ક કરાવનારને જો GST નંબર ન હોય તો ૯% + ૯% પ્રમાણે GST લાગે.

(૧૧) કોઈ પણ વેપારી કોઈ ચાલુ બેંક ખાતું બંધ કરાવે કે કોઈ નવું બેંક ખાતું ખોલાવે તો તેની જાણ દસ દિવસમાં GST પોર્ટલ ઉપર ઓનલાઈન કરવી ફરજીયાત છે. નહીંતર પેનલ્ટી લાગે છે. એટલે બેંક ખાતાનો કોઈ પણ ફેરફાર કરો તો તેની જાણ તુરંત અમને કરવી. જેથી ઓનલાઈન તેની જાણ કરી શકાય.

(૧૨) હવે GSTR-3B નું રીટર્ન જો સમયસર ભરવામાં નહીં આવે તો ડીપાર્ટમેન્ટ તરફથી પહેલા SMS/MAIL વેપારીને મોકલવામાં આવશે. તે પછી પણ જો વેપારી રીટર્ન નહીં ભરે તો ડીપાર્ટમેન્ટ આવા વેપારીના કેસમાં તેમને યોગ્ય લાગે તે રીતે બેસ્ટ જજમેન્ટ આકારણી કરીને જે રકમ ભરવાની નક્કી કરે તે રકમ વેપારીએ ભરવી પડશે. પરંતુ આવો બેસ્ટ જજમેન્ટ આકારણીનો આદેશ મળે અને તુરંત જો રીટર્ન ભરવામાં આવે તો બેસ્ટ જજમેન્ટ આકારણી મુજબનો GST ભરવામાંથી બચી શકાય.

ઉપરોકત માહિતી આપને ઉપયોગી નીવડશે તેવી આશા સાથે,

લી.

કનુભાઈ-પિયુષભાઈ-નિખીલભાઈ

D.P.THAKKER & CO.